હશ્ર : માનવ-જાતનો મેળાવડો

મુસલમાનની શ્રદ્ધા એ વાત પર પણ છે કે અલ્લાહ તૂઆલા મનુષ્યોને મૃત્યુ પછી જીવંત કરીને એક જગ્યાએ એકત્ર કરશે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«يُحْشَرُ النَّاسُ يَوْمَ القِيَامَةِ عَلَى أَرْضٍ بَيْضَاءَ عَفْرَاءَ، كَقُرْصَةِ نَقِيٍّ»(متفق عليه.)

''બધા મનુષ્યોને કયામતના દિવસે એક સપાટ મેદાનમાં જમા કરવામાં આવશે.'' (મુત્તફિક અલયહિ)

એક બીજી હદીસમાં અલ્લાહના રસૂલ ﷺ એ ફરમાવ્યું : ''કયામતના દિવસે લોકોને ભેગા કરવામાં આવશે એ સ્થિતિમાં કે તેઓ ખુલ્લા પગે હશે, કપડાં-વિહિન હશે અને ખત્ના કર્યા વગર હશે, તદ્દન એવા, જેવા જન્મ્યા હોયા છે.'' હઝરત આઈશા رضي الله عنها એ પૂછ્યું - હે અલ્લાહના રસૂલ ﷺ ! ત્યારે તો પુરુષ, સ્ત્રી બધા એક-બીજાને એ જ સ્થિતિમાં જોશે ? આપ ﷺ એ ફરમાવ્યું : હે આઈશા ! મામલો એટલો સંગીન હશે કે એક-બીજાને જોવાનો વિચાર સુદ્ધાં નહીં આવે. (મુસ્લિમ)

હશ્રની સ્થિતિ આપ ﷺ એ એક હદીસમાં આ પ્રમાણે વર્ણવી છે કે કયામતના દિવસે લોકોના ત્રણ પ્રકારો હશે - કેટલાક પગપાળા ચાલી રહ્યા હશે, અમુક લોકો સવાર હશે અને કેટલાક લોકો ઘસડાઈને ચાલી રહ્યા હશે. આપ ﷺ ને પૂછવામાં આવ્યું કે ઘસડાઈને કોઈ કેવી રીતે ચાલી શકે છે ? આપ ﷺ એ ફરમાવ્યું : જેણે પગથી ચાલવાનું શીખવાડ્યું એ જ ઘસડાઈને ચાલતા કરી દેશે. (તિરમિઝી) એ દિવસે ફરિશ્તાઓ અલ્લાહની પ્રસન્નતા અને જન્નતમાં પ્રવેશની ખુશખબર મોમિનોને સંભળાવશે. આ વિશે અલ્લાહ તૂઆલાએ ફરમાવ્યું :

﴿إِنَّ ٱلَّذِينَ قَالُوا۟ رَبُّنَا ٱللَّهُ ثُمَّ ٱسْتَقَـٰمُوا۟ تَتَنَزَّلُ عَلَيْهِمُ ٱلْمَلَـٰٓئِكَةُ أَلَّا تَخَافُوا۟ وَلَا تَحْزَنُوا۟ وَأَبْشِرُوا۟ بِٱلْجَنَّةِ ٱلَّتِى كُنتُمْ تُوعَدُونَ ﴿٣٠﴾ نَحْنُ أَوْلِيَآؤُكُمْ فِى ٱلْحَيَوٰةِ ٱلدُّنْيَا وَفِى ٱلْـَٔاخِرَةِ ۖ وَلَكُمْ فِيهَا مَا تَشْتَهِىٓ أَنفُسُكُمْ وَلَكُمْ فِيهَا مَا تَدَّعُونَ ﴿٣١﴾ نُزُلًا مِّنْ غَفُورٍ رَّحِيمٍ ﴿٣٢﴾﴾ فصلت: ٣٠ - ٣٢

અનુવાદ : ''વાસ્તવમાં જે લોકોએ કહ્યું કે અમારો માલિક અને પાલનહાર અલ્લાહ છે, પછી તેના પર જ અડગ રહ્યા તેમના પાસે ફરિશ્તાઓ એમ કહેતા આવે છે કે તમે જરા પણ આશંકા અને રંજ ન કરો, બલ્કે એ જન્નતની ખુશખબર સાંભળી લો, જેનું વચન તમને આપવામાં આવ્યું છે. તમારા દુનિયાના જીવનમાં પણ અમે તમારા સાથી હતા અને આખિરતમાં પણ રહીશું. જે વસ્તુ માટે તમારું મન ઇચ્છા કરે અને જે કંઈ તમે માંગો એ બધું તમારા માટે (જન્નતમાં હાજર) છે, ક્ષમાશીલ અને દયાળુ ઉપાસ્ય તરફથી આ બધું આતિથ્યરૂપે છે.'' (સૂરઃ ફુસ્સિલત, આ.૩૦-૩૨)

મોમિન જાણે છે કે કયામતના દિવસે અલ્લાહ સમક્ષ રજૂ થવાનો મામલો ખૂબ જ મોટો મામલો છે. એ દિવસે

www.uzairfalahi.com

કષ્ટ અને સંતાપથી લોકો અત્યંત વિહ્વળ અને ભાન વગરના હશે. કુર્આનમાં આ દૃશ્યનું વર્ણન આ રીતે કરવામાં આવ્યું છે :

﴿يَٰٓأَيُّهَا ٱلنَّاسُ ٱتَّقُواْ رَبَّكُمۡۚ إِنَّ زَلۡزَلَةَ ٱلسَّاعَةِ شَيۡءٌ عَظِيمٞ ١ يَوۡمَ تَرَوۡنَهَا تَذۡهَلُ كُلُّ مُرۡضِعَةٍ عَمَّآ أَرۡضَعَتۡ وَتَضَعُ كُلُّ ذَاتِ حَمۡلٍ حَمۡلَهَا وَتَرَى ٱلنَّاسَ سُكَٰرَىٰ وَمَا هُم بِسُكَٰرَىٰ وَلَٰكِنَّ عَذَابَ ٱللَّهِ شَدِيدٞ ٢﴾ الحج: ١ - ٢

અનુવાદ : ''લોકો ! પોતાના માલિક અને પાલનહારથી ડરો. નિઃશંક, કયામતનો ધરતીકંપ ખૂબ જ મોટી વસ્તુ છે. જે દિવસે તમે તેને જોઈ લેશો, પ્રત્યેક દૂધ પીવડાવનારી પોતાના દૂધ પીતા બાળકને ભૂલી જશે અને તમામ ગર્ભવતી મહિલાઓના ગર્ભ પડી જશે, અને તું જોઈશ કે લોકો ઉન્મત્ત દેખાશે, જો કે વાસ્તવમાં તેઓ નશામાં નહીં હોય, પરંતુ અલ્લાહનો અઝાબ જ ખૂબ જ સખત છે.'' (સૂરઃ હજ, આ.૧-૨)

કયામતના દિવસે લોકોની પરેશાનીનું અનુમાન કરી શકાય એમ નથી. જ્યારે સૂર્ય ખૂબ જ નજીક આવી જશે, લોકો પરસેવાથી રેબઝેબ હશે. દરેકનો મામલો તેના કર્મો અનુસાર થશે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું :

«تُدْنَـى الشَّمْسُ يَوْمَ الْقِيَامَةِ مِنَ الْخَلْقِ، حَتَّـى تَكُونَ مِنْهُمْ كَمِقْدَارِ مِيلٍ فَيَكُونُ النَّاسُ عَلَـى قَدْرِ أَعْمَالِهِمْ فِـي الْعَرَقِ، فَمِنْهُمْ مَنْ يَكُونُ إِلَـى كَعْبَيْهِ، وَمِنْهُمْ مَنْ يَكُونُ إِلَـى رُكْبَتَيْهِ، وَمِنْهُمْ مَنْ يَكُونُ إِلَـى حَقْوَيْهِ، وَمِنْهُمْ مَنْ يُلْجِمُهُ الْعَرَقُ إِلْجَامًا وَأَشَارَ رَسُولُ اللهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ بِيَدِهِ إِلَى فِيهِ « (مسلم).

અર્થાત્, લોકોથી સૂર્ય ખૂબ જ નજીક આવી જશે, ત્યાં સુધી કે એક માઈલના અંતરે. લોકો પોતાના કર્મો અનુસાર પરસેવામાં ડૂબેલા હશે. કેટલાક લોકો પગની એડી બરાબર પરસેવામાં હશે, જ્યારે કે કેટલાક લોકો ઢીંચણ-ઢીંચણ સુધી પરસેવામાં ઊભા હશે અને કેટલાક લોકો અડધા શરીર સુધી પરસેવામાં ડૂબેલા હશે અને કેટલાક લોકો સુધી પરસેવો ત્યાં સુધી પહોંચી ગયો હશે જાણે પરસેવાની લગામ લગાવેલી હોય ! આપ ﷺ એ ઇશારો કરીને બતાવ્યું પરસેવો તેમના મોઢા સુધી આવી જશે. (મુસ્લિમ)

આવા ભયાનક માહોલમાં કેટલાક લોકો એવા પણ હશે, જેઓ દરેક પ્રકારની મુસીબતથી સુરક્ષિત પોતાના રબના અર્શ (રાજ-સિંહાસન)ની છત્રછાયામાં આરામથી હશે. રસૂલુલ્લાહ ﷺ એ ફરમાવ્યું કે સાત પ્રકારના લોકો આ આરામની સ્થિતિમાં હશે.

«سَبْعَةٌ يُظِلُّهُمُ اللهُ فِي ظِلِّهِ يَوْمَ لَا ظِلَّ إِلَّا ظِلُّهُ :الْإِمَامُ الْعَادِلُ، وَشَابٌّ نَشَأَ بِعِبَادَةِ اللهِ، وَرَجُلٌ قَلْبُهُ مُعَلَّقٌ فِي الْمَسَاجِدِ، وَرَجُلَانِ تَحَابَّا فِـي اللهِ اجْتَمَعَا عَلَيْهِ وَتَفَرَّقَا عَلَيْهِ، وَرَجُلٌ طَلَبَتْهُ امْرَأَةٌ ذَاتُ مَنْصِبٍ وَجَمَالٍ، فَقَالَ :إِنِّـي أَخَافُ اللهَ، وَرَجُلٌ تَصَدَّقَ أَخْفَى حَتَّى لَا تَعْلَمَ شِمَالُهُ مَا تُنْفِقُ يَمِينُهُ ، وَرَجُلٌ ذَكَرَ اللهَ خَالِيًا، فَفَاضَتْ عَيْنَاهُ » (مسلم)

અર્થાત્, સાત પ્રકારના લોકોને અલ્લાહ તઆલા એ દિવસે પોતાની છત્રછાયામાં રાખશે, જે દિવસે તેના છાંયડા સિવાય કોઈ છાંયડો નહીં હોય –

(૧) ન્યાયી શાસક.

(૨) એ યુવાન, જે અલ્લાહની ઇબાદત કરતો-કરતો યુવાન થયો હોય.

(૩) એ વ્યક્તિ, જેનું મન હંમેશા મસ્જિદમાં લાગેલું રહેતું હોય.

(૪) એવા બે માણસો, જેઓ કેવળ અલ્લાહ માટે એક-બીજાને પ્રેમ કરતા હોય, તેના માટે જ મળતા હોય અને તેના માટે જ અલગ થતા હોય.

(૫) એવો વ્યક્તિ, જેને કોઈ ધનવાન અને સુંદર મહિલાએ પાપ-કૃત્યનું આમંત્રણ આપ્યું હોય અને તેણે કહી દીધું હોય કે હું તો અલ્લાહથી ડરું છું.

(૬) એ વ્યક્તિ, જેણે અલ્લાહના માર્ગમાં એ રીતે ખર્ચ કર્યો હોય કે કોઈને તેની જાણ ન થઈ હોય.

(૭) એવો વ્યક્તિ, જેણે એકાંતમાં અલ્લાહને યાદ કર્યો હોય અને તેની આંખમાંથી અશ્રુ નીકળી આવ્યા હોય.

www.uzairfalahi.com